GJDH030008602021

सत्यमेव जयते

ક્રિમિનલ કેસ નં. ૭૨૫/૨૦૨૧
શ્રી સરકાર
વિરુદ્ધ
શૈલેષભાઇ કાળીદાસ જોશી
(વેદાણી) અને બીજા

Form-A, R.179A of Cr. Manual

મહેરબાન દેવગઢ બારીઆના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (એસ. આર. વકીલ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ , દેવગઢ બારીઆ

આંક – ૫૯

ચુકાદા ની તારીખ	:	૦૨/૦૭/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	:	૭૨૫/૨૦૨૧
પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. નંબર	:	દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૦૫૨૦૦૬૨૦/૨૦૨૦
ગુનો	:	ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦,૧૧૪ મુજબ
ફરિયાદી	:	શ્રી સરકાર
ફરિયાદી તરફે	:	વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર
આરોપી	:	**(૧) શૈલેષભાઇ કાળીદાસ જોશી (વેદાણી),** રહે. ૭૬ ગૌતમ ટાઉનશીપ સ્વામીનારાયણ ગુરૂકુલ, શર્મા પાર્ક–૫ સીંહોર, તા. સીંહોર, જિ. ભાવનગર. **(૨) આશિષભાઇ ભરતભાઇ ત્રિવેદી,** રહે. ૧૭૧ હુડકો રામેશ્વર મંદિર સામે આનંદનગર, તા. જિ. ભાવનગર.
આરોપી તરફે	:	વિદ્વાન વકીલ શ્રી ડી. એસ. ભાયાણી

Form–B, R.179A of Cr. Manual

ગુનાની તારીખ	:	૨૯/૦૭/૨૦૧૯
ફરિયાદની તારીખ	:	૦૨/૧૨/૨૦૨૦
ચાર્જશીટની તારીખ	:	૨૨/૦૭/૨૦૨૧

તહોમતનામુ/પ્લીની તારીખ	:	૦૧/૦૯/૨૦૨૫
પુરાવો શરૂ થયાની તારીખ	:	૦૧/૦૯/૨૦૨૫
ચુકાદા માટે રાખવાની તારીખ	:	૦૨/૦૭/૨૦૨૬
ચુકાદાની તારીખ	:	૦૨/૦૭/૨૦૨૬
સજા કરી હોય તો સજા તારીખ	:	લાગુ પડતું નથી.
સમયગાળો	:	**૦૪ વર્ષ ૧૧ મહિના ૦૯ દિવસ**

:: આરોપીની વિગત ::

અનુ ક્રમ	આરોપીનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડયા તારીખ	ગુનો	તકસીરવાન કે નિર્દોષ	સજા	Cr.P.C. કલમ ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય
૦૧.	શૈલેષભાઇ કાળીદાસ જોશી (વેદાણી)	૧૩/૦૪/૨૦૨૧	૧૭/૦૩/૨૦૨૧	ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૦૬, ૪૦૯, ૪૨૦,૧૧૪ મુજબ	નિર્દોષ	આખરી હુકમ મુજબ	નથી
૦૨.	આશિષભાઇ ભરતભાઇ ત્રિવેદી	૧૭/૦૩/૨૦૨૧	૧૭/૦૩/૨૦૨૧	ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૦૬, ૪૦૯, ૪૨૦,૧૧૪ મુજબ	નિર્દોષ	આખરી હુકમ મુજબ	નથી

Form-C, R.179A of Cr. Manual

:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ ::

(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ - (સી. આર. પી. સી. કલમ ૨૪૬ મુજબ)

અનુક્રમ	આંક	નામ	સાહેદના પ્રકાર
૧	૩૪	અમરબાબુ ચંદનબાબુ જૈનની જુબાની	ફરિયાદી
૨	૫૧	આરતસીંહ રામજીભાઇ બારીઆની જુબાની	ત.ક.અમલદાર
૩	૫૭	નકુલ જગદીશભાઇ પંચાલની જુબાની	ત.ક.અમલદાર

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–			
અનુક્રમ	આંક	નામ	સાહેદ ના પ્રકાર
––	––	––	––

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–			
અનુક્રમ	આંક	નામ	સાહેદ ના પ્રકાર
––	––	––	––

:: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત ::

(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :		
અનુક્રમ	**આંક**	**દસ્તાવેજની વિગત**
૦૧	૩૫	આર.ટી.જી.એસ. કર્યાની પહોંચ
૦૨	૩૬	ફરિયાદ
૦૩	૩૭	પાવર ઓફ એટર્ની કુલમુખ્તયારનામાની નકલ
૦૪	૩૮	બેંક ઓફ બરોડા દેવગઢ બારીઆના સ્ટેટમેન્ટની નકલ
૦૫	૪૦	સંસ્થાની નોંધણી અંગેનું પ્રમાણપત્ર
૦૬	૪૧	જી.એસ.ટી. સર્ટીફીકેટ
૦૭	૪૪	આરોપી પાસેથી માલ ખરીદ કરેલ બીલની નકલ
૦૮	૪૫	આરોપી પાસેથી માલ ખરીદ કરેલ સમયે મોકલેલ ઈ વે બીલની ઓનલાઈની પ્રીન્ટની નકલ
૦૯	૪૬	આરોપીએ માલ વેચાણ કરેલ બીલની નકલ
૧૦	૪૭	આરોપીએ માલ વેચાણ કરેલ સમયે મોકલેલ ઈ વે બીલની ઓનલાઈન પ્રીન્ટની નકલ
૧૧	૪૮	જુલાઈ ૨૦૧૯ ના મહિનાના બીટુબી ખરીદીની સમરી
૧૨	૪૯	જુલાઈ ૨૦૧૯ ના મહિનાના બીટુબી વેચાણની સમરી
૧૩	૫૨	મે.જયુડી મેજીસ્ટ્રેટ સાહેબશ્રી દેવગઢ બારીઆને પોલીસ સ્ટેશનથી જાણ બાબતનો કરેલ પત્ર

૧૪	૫૩	સ્ટેશન ડાયરીમાં નોંધ બાબતનો પત્ર
૧૫	૫૪	પોલીસ મદદ મળવા બાબતનો પત્ર
૧૬	૫૫	પોલીસ મદદ મળવા બાબતનો પત્ર
(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :		
અનુક્રમ	**આંક**	**દસ્તાવેજ ની વિગત**
–	– –	– –
(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :		
અનુક્રમ	**આંક**	**દસ્તાવેજ ની વિગત**
–	– –	– –

:: જજમેન્ટ ::

(૧) ફરિયાદની ટૂંકમાં હકીકત :–

ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. ૨૯/૦૭/૨૦૧૯ ના રોજ મોજે દેવગઢ બારીઆ તા. દેવગઢ બારીઆ મુકામે આ કામના ફરિયાદીની પદમાવતી સેલ્સ એજન્સી નામની સીમેન્ટ, પતરા તથા સળીયાની દુકાન હોય સળીયાના વેપાર માટે ફરિયાદીએ આરોપી નં–૧ દલાલીનુ કામ કરતા હોવાથી ફરિયાદીને જણાવેલ કે, તમો કરણ એસોસીએટમાંથી લોખંડની ખરીદી કરો તો બજાર ભાવ કરતા એક કિલોએ ૧ રૂપીયો અને ૨૦ પૈસા ઓછા ભાવે મળશે તેવી વાત કરતા ફરિયાદીએ આરોપી નં–૨ નાઓને વાત કરતા આરોપી નં–૨ નાઓએ એડવાન્સ પૈસા જમા કરાવો તો બજાર ભાવ કરતા એક કિલોએ ૧ રૂપીયો અને ૨૦ પૈસા ઓછા ભાવે આપવાની વાત કરી આરોપીઓએ ફરિયાદીને પાકો વિશ્વાસ આપી ભરોસો આપી લાલચ આપતા ફરિયાદીએ લોખંડના સળીયાની એક ગાડીનો ઓર્ડર આપી એડવાન્સ રૂ. ૪,૬૩,૫૪૬/– જમા કરાવેલ હોવા છતા આ કામના આરોપીઓએ ઓર્ડરના સળીયા નહી મોકલી આપી તથા આપેલ પૈસા પરત નહી આપી ગુન્હાહીત વિશ્વાસઘાત કરી, છેતરપીડી કરી ઠગાઈ કરી ગુનો કરવામાં એકબીજાની મદદગીરી કરી ગુનો કરેલ છે.

(૨) અત્રેની કોર્ટ દ્વારા અનુસરવામાં પ્રિ– ટ્રાયલ આવેલ કાર્યવાહી :–

➔ **સંજ્ઞાન (Cognizance) લેવા બાબતે :–**

આ કામના ફરિયાદીએ સદર ગુનાની ફરિયાદ દેવગઢ બારીઆ પો.સ્ટે. માં આપતા સદર ફરિયાદ પાર્ટ એ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૦૫૨૦૦૬૨૦/૨૦૨૦ થી રજીસ્ટરે લઈ આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬, ૪૦૯, ૪૨૦,૧૧૪ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદરહું ગુનાની તપાસ હાથ ધરેલ જે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

➔ **પ્રોસેસ ઈસ્યુ કરવા બાબતે :–**

આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૦૪ મુજબ પ્રોસેસ ઈશ્યુ કરતા તે બજી જતા આરોપી નં.૨ નાઓ તેમના વિ.વ.શ્રી. સાથે હાજર થયેલ છે અને વકીલાતનામું રજુ કરેલ છે. જયારે આ કામના આરોપી નં. ૧ ને વારંવાર પ્રોસેસ કાઢવા છતાં આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી. વધુમાં આરોપી સામે કાઢવામાં આવેલ તમામ પ્રોસેસ વગર બજે પરત આવેલ છે. વધુમાં જામીનગીરી પેટેની રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરાવવામાં આવેલ અને ત્યારબાદ સતત આરોપી સામે બીન જામીનપાત્ર વોરંટ કાઢવામાં આવેલ છે પરંતુ આરોપી નં. ૧ ઘણાં લાંબા સમયથી મુદતના રોજ હાજર રહેતા ન હોય સદરહુ કામે તા. ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ ઘણાં જુના કેસમાં આરોપી નં. ૧ આવતા ન હોય, સદર કામે આંક–૦૫ લગત હુકમ કરી સદર કામ આરોપી નં. ૧ ની ગેરહાજરીમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ હેઠળ ચલાવવાનો હુકમ કરેલ છે.

➔ **આરોપીને કેસ પેપર્સ આપવા બાબતે :–**

ફોજદારી કાર્યરીતિ સંહિતા ૨૦૭ મા જણાવેલ કાયદાની જોગવાઈનુ પાલન કરવા માટે આ કામના આરોપી નં. ૨ ને ચાર્જશીટ,એફ.આઇ.આર.ની નકલ તેમજ અન્ય જરૂરી કેસ પેપર્સ વિના મુલ્યે તાત્કાલિક પુરા પાડવામાં આવેલ છે.

➔ **ચાર્જફ્રેમ કરવા બાબતે :-**

આ કામે રજુ થયેલ તમામ કેસ પેપર્સ વંચાણે લઈ અત્રેની અદાલતના ન્યાયાધીશશ્રીએ આંક- ૩૨ થી આરોપી નં. ૨ વિરુદ્ધ વિગતવારનુ તહોમતનામું ફરમાવેલ છે તથા આ કામના આરોપી નં. ૨ ની આંક-૩૩ થી પ્લી નોંધવામાં આવેલ જેમાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ. જેથી ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન :-

ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતાં આરોપીનુ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપવાનો તથા બચાવના સાહેદ તપાસવાનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે તેમની ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ બંન્ને પક્ષોને સાંભળવામાં આવેલ છે.

(૪) ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૩૧૪ અન્વયે ઉભય પક્ષે દલીલો :-

(૪.૧) આ કામે ઉભય પક્ષના વિદ્વાન વકીલશ્રીની વિગતવારની દલીલો સાંભળી. ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે તેઓએ આ કામના આરોપી વિરુદ્ધ શંકાથી પર કેસ સાબિત કરેલ હોય, આરોપીને યોગ્ય તે સજા કરવા રજુઆત કરેલ છે. વધુમાં, દલીલ કરેલ છે કે, આરોપીઓ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નિઃશંકપણે સાબિત થાય છે. ફરિયાદીએ આરોપી નં. ૨ કરણ એસોસીએટ્સ ના ખાતામાં આર.ટી.જી.એસ. દ્વારા રૂ. ૪,૬૩,૫૪૬/- જમા કરાવ્યા છે, જે બેંક સ્ટેટમેન્ટ અને પહોંચથી નિર્વિવાદપણે સાબિત થાય છે. આરોપી નં. ૨ એ આ રકમ સ્વીકાર્યાનો ઇનકાર કર્યો નથી. આરોપી નં. ૧ એ દલાલ બની ફરિયાદીને બજારભાવ કરતાં રૂ. ૧.૨૦/- સસ્તા સળીયા અપાવવાની લાલચ આપીને જાળમાં ફસાવ્યા છે અને તેમનો ઈરાદો માત્ર એડવાન્સ રકમ પડાવી લેવાનો જ હતો. ફરિયાદીએ માલ ખરીદવા માટે એડવાન્સ રકમ આપી હતી. પરંતુ આરોપી નં. ૨ એ માલ

મોકલવાને બદલે, તે રકમ આપમેળે જ આરોપી નં. ૧ ના જૂના દેવા/બાકી લેણાં પેટે ગેરકાયદેસર રીતે જમા કરી લીધી. બંને આરોપીઓએ એકબીજા સાથે કાવતરું રચીને, પોતાના જૂના હિસાબો સરભર કરવા ફરિયાદીનો ખોટી રીતે ઉપયોગ કરેલ છે અને તેમની સાથે ગુનાહિત વિશ્વાસઘાત અને ઠગાઈ કરેલ છે.

(૪.૨) જ્યારે બચાવ પક્ષ તરફે વિદ્ધાનવકીલશ્રી એ દલીલો દલીલ કરેલ છે કે, આ કેસ માત્ર સિવિલ તકરાર છે અને તપાસ અત્યંત ખામીયુક્ત છે. આ બે વેપારીઓ વચ્ચે માલની ખરીદ વેચાણનો સંપૂર્ણ કોમર્શિયલ વ્યવહાર છે પરંતુ ખોટી રીતે ફોજદારી રંગ આપવામાં આવ્યો છે. જે દિવસે રકમ જમા થઈ તે જ દિવસે જી.એસ.ટી. ઇન્વોઇસ અને ઈ-વે બિલ જનરેટ થયા હતા, જે માલ મોકલવાની સ્પષ્ટ દાનત દર્શાવે છે. એટલે ફરિયાદ પક્ષનો એ આક્ષેપ કે માલ મોકલવાનો ઈરાદો જ ન હતો, તે ખોટો છે. વધુમાં, દલીલ કરેલ છે કે બનાવ તા. ૨૯/૦૭/૨૦૧૯ નો છે, જ્યારે ફરિયાદ ૧૭ મહિના જેટલા અસાધારણ વિલંબ બાદ તા. ૦૨/૧૨/૨૦૨૦ ના રોજ નોંધાવી છે. એક વેપારી હોવા છતાં ફરિયાદીએ રકમ વસૂલવા કોઈ લીગલ નોટિસ આપી નથી કે સિવિલ દાવો કર્યો નથી, જે દર્શાવે છે કે આ ફરિયાદ માત્ર દબાણ લાવવાનું સાધન છે. વધુમાં દલીલ કરેલ છે કે, તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ તદ્દન અધૂરી અને ખામીયુક્ત છે. જેથી આરોપીના વિદ્ધાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે ફરિયાદ પક્ષના કેસમાં આરોપી પક્ષે વ્યાજબી શંકા ઉભી કરેલ છે, જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫) ઉપરોકત કેસની હકીકતે કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-//મુદ્દા//-

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે તા. ૨૯/૦૭/૨૦૧૯ ના રોજ મોજે દેવગઢ બારીઆ તા. દેવગઢ બારીઆ મુકામે આ કામના ફરિયાદીની પદમાવતી સેલ્સ એજન્સી નામની સીમેન્ટ, પતરા તથા સળીયાની દુકાન હોય સળીયાના વેપાર માટે ફરિયાદીએ આરોપી નં-૧ દલાલીનુ કામ કરતા હોવાથી

ફરિયાદીને જણાવેલ કે, તમો કરણ એસોસીએટમાંથી લોખંડની ખરીદી કરો તો બજાર ભાવ કરતા એક કિલોએ ૧ રૂપીયો અને ૨૦ પૈસા ઓછા ભાવે મળશે તેવી વાત કરતા ફરિયાદીએ આરોપી નં−૨ નાઓને વાત કરતા આરોપી નં−૨ નાઓએ એડવાન્સ પૈસા જમા કરાવો તો બજાર ભાવ કરતા એક કિલોએ ૧ રૂપીયો અને ૨૦ પૈસા ઓછા ભાવે આપવાની વાત કરી આરોપીઓએ ફરિયાદીને પાકો વિશ્વાસ આપી ભરોસો આપી લાલચ આપતા ફરિયાદીએ લોખંડના સળીયાની એક ગાડીનો ઓર્ડર આપી એડવાન્સ રૂ. ૪,૬૩,૫૪૬/− જમા કરાવેલ હોવા છતા આ કામના આરોપીઓએ ઓર્ડરના સળીયા નહી મોકલી આપી તથા આપેલ પૈસા પરત નહી આપી ગુન્હાહીત વિશ્વાસઘાત કરી, છેતરપીડી કરી ઠગાઈ કરી ગુનો કરવામાં એકબીજાની મદદગીરી કરી ભારતીય દંડ સંહિતાની કલમ−૪૦૬, ૪૦૯, ૪૨૦,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

:: <u>ઉપરોક્ત મુદાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે</u> ::

(૭) સો પ્રથમ સદર કામે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા, ફોજદારી કાર્યવાહી માં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

(૭.૧) ન્યાયતંત્રના સ્થાપીત સિદ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનૂન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનુ મૂલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ−૩ માં કરવામાં આવેલી સાબીતી અને ના સાબીતીની વ્યાખ્યા પર આધારિત છે.

(૭.૨) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. જ્યારે બચાવપક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે બચાવપક્ષ ફરિયાદપક્ષના સાહેદોનાં પુરાવા દરમિયાન ઉલટતપાસ માં તે હકીકત પુરવાર કરી શકે છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યરીતિ માં નથી હોતી. ફોજદારી કાર્યવાહી માં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા જ માત્ર દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે.

(૭.૩) સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકત અસ્તિત્વ હોવાનું માને તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૭.૪) ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૩૪ વંચાણે લેતા, કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદોની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે સાહેદોની " સંખ્યા / જથ્થો નહીં, પુરાવાની " ગુણવત્તા" કે સાહેદોનાં પુરાવાની "વિશ્વાસનીયતા" મહત્વની હોય છે.

(૭.૫) કોઈ સાક્ષી હીત ધરાવતા હોવા માત્રથી તેના પુરાવા આપો આપ અગ્રાહ્ય ગણી શકાય નહીં કે નજર અંદાજ કરી શકાય નહીં. પરંતુ, આવા કિસ્સામાં અદાલતે સાહેદોનાં પુરાવાનુ મૂલ્યાંકન બારીકાઈથી, ઝીણવટભરી રીતે અને વધુ સભાન/સજાગપણે કરવાનુ રહે છે. જો તે સાહેદનો પુરાવો વિશ્વસનીય, ભરોસાપાત્ર અને માનવા લાયક જણાતો હોય તથા ફરિયાદપક્ષની મહત્વની બાબતમાં તેના પુરાવામાં કોઈ વિરોધાભાષી હકીકત માલુમ પડેલ ન હોય તો તેવા પ્રસંગે તેવા હિત ધરાવતા સાહેદના પુરાવાને આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શિક્ષા કરી શકાય છે.

(૭.૬) હાલના કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ હોઈ સદરહુ કલમના આવશ્યક તત્વો મુજબનો ગુનો સાબિત કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે અને તે સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવો રજુ કરવો જોઈએ.

તેવા સંજોગોમાં આરોપીએ ફરિયાદમાં જણાવેલી હકીકતની સાબીતીનો બોજો ફરિયાદપક્ષ પર છે.

(૮) સદરહુ કામે ફરિયાદ હકીકત મુજબનો ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોનાં પુરાવા નીચે મુજબ છે.

(૮.૧) આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૪ થી ફરિયાદી અમરબાબુ ચંદનબાબુ જૈનને સોગંદ ઉપર તપાસેલા છે. જેમાં તેઓ જણાવે છે કે હું દેવગઢ બારીઆ ખાતે પદમાવતી સેલ્સ એજન્સીના નામે સિમેન્ટ સળીયા વિગેરેનો બિઝનેસ ચલાવુ છુ અને આ બિઝનેસ મારા પત્નીના નામે સરિતાદેવી અમરબાબુ દેવીના નામે પાવર ઓફ એટર્નીથી વહીવટ કરૂ છુ. અમે કોઈ પણ વેપાર દલાલ થકી કરતા હોઈ સળીયાના વેપાર કરવા માટે દલાલ શૈલેષભાઈ વેદાણી જે ભાવનગરના વતની હોઈ તેઓની સામે અમે ટેલીફોનીક વાતચીત થતી હતી. જેમા આ શૈલેષભાઈ વેદાણીએ મને જણાવેલ કે માર્કેટ રેટ કરતા પ્રતિ કિલો રૂ. ૧ રૂપિયા અને ૨૦ પૈસાનો ફાયદો થાય છે અને જણાવેલ કે કરણ એસોસીએટના માલિક આશિષભાઈ જે પણ ભાવનગરના વતની હોય મારા મિત્ર થતા હોઈ તેઓ પાસેથી સસ્તામાં સળીયા મળી જશે. જેથી મે કરણ અસોસીએટ ઈન્ડીયન ઓવરીસઝ બેન્ક ભાવનગરના ખાતામાં મારા બેન્ક ઓફ બરોડાના એકાઉન્ટમાંથી રૂ. ૪,૬૩,૫૪૬/– આર.ટી.જી.એસ.કરેલા. જે ડોકયુમેન્ટ આજ રોજ હુ રજુ કરૂ છુ જે આર.ટી.જી.એસ. ની પહોચ રજુ કરૂ છુ જેને રજુ દાખલ અંક–૩૫ આપવામાં આવે છે અને ત્યારબાદ અમોને માલ નહી મળતા મે શૈલેષભાઈને ફોન કરેલો અને ત્યારબાદ તેઓએ મને જણાવેલ કે બે દીવસમા માલ મળી જશે. ત્યારબાદ આશીષભાઈનો સંપર્ક કરેલો અને માલ મળી જશે તેવુ જણાવેલ પરંતુ અમોને માલ મળેલ નથી. ત્યારબાદ અમોએ ફરિયાદ આપેલી અને મને ફરિયાદ બતાવવામાં જેમાં મારી સહી છે. જેને દાખલ રજુ આંક–૩૬ આપવામાં આવે છે. પાવર એટર્ની કુલમુખત્યારનામાની કોપી રજુ કરેલ છે જેને રજુ દાખલ આંક–૩૭ આપવામાં આવે છે. આજ રોજ હુ બેન્ક ઓફ બરોડા દેવગઢ બારીઆની સ્ટેટમેન્ટની નકલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૮ આપવામાં આવે છે. આરોપીઓને હુ ઓળખી શકુ છુ. આજ રોજ આરોપી નં. ૨ આશીષભાઈ નામદાર કોર્ટમા હાજર છે.

ફરિયાદીએ આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે પદમાવતી સેલ્સ એજન્સી મારા પત્નીના નામે ચાલતી હોય તે બાબતનો કોઈ પુરાવો તપાસના કામે મે આજ રોજ રજુ કરેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઝેરોક્ષ મોકલી આપેલ છે. એ વાત ખરી છે કે જે તે સમયે માર્કેટમાં સળીયાનો શું ભાવ ચાલતો હતો તે મારી ફરિયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ પાસે પ્રતિ કિલોના કેટલા ભાવે સળીયા લેવાનો નકકી થયેલ તે મે મારી ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે સળીયા એ વજન પર વેચાય છે. એ વાત ખરી છે કે વજન મુજબ તેનો ચોકકસ ભાવ નકકી થાય છે અને ત્યારબાદ તેમા જી.એસ.ટી. ની રકમ ઉમેરાય છે. એ વાત ખરી છે કે જી.એસ.ટી.નુ બીલ અપલોડ થાય ત્યારબાદ ચોકકસ ભાવ નકકી થાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેલ્યુકેલેટર પર ગણતરી કરી રકમ નકકી થાય છે મને મારો જી.એસ.ટી નંબર ખબર છે પણ મોંઢે નથી. એ વાત ખરી છે કે મારો જી.એસ.ટી. નંબર–24AIFPJ9542T1ZF છે. એ વાત ખરી છે નથી કે ઈન્વોઈસ નંબર– ટી ૧૩૧ શ્રી રાધે મોહન ટ્રાન્સપોર્ટ વ્હીકલ નંબર જી.જે.–૪–એ–૯૩૨૬ થી મોકલેલો. એ વાત ખરી છે કે બીલની રકમ રાઉન્ડ ફીગરમા નથી. એ વાતની મને ખબર નથી કે જી.એસ.ટી. બીલ અપલોડ થતા તેની જાણ મને પણ થાય અને સોદો કેન્સલ કરવો હોય તો કરી શકાય. મારી પાસે આરોપી સાથે થયેલ ટેલીફોનીક વાતચીતનો કોઈ રેકોડીંગ નથી. એ વાત ખરી છે કે દર મહિને, ત્રણ મહિને તેમજ વાર્ષીક રીટર્ન ભરવાનો હોય છે અને તે મુજબ જે માલ આયો હોય તેના આધારે જી.એસ.ટી. રીટર્ન ભરવાનો હોય છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયનો કોઈ રીર્ટન મે તપાસના કામે પોલીસને આપેલ નથી અને મારી સાથે લાવેલો નથી. એ વાત ખરી છે કે મે કેટલો માલ ખરીદો અને કેટલા માલનુ વેચાણ કર્યુ તે બાબતનો કોઈ દસ્તાવેજ તપાસના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે જે માલ ખરીદ વેચાણ કરે તેની ઈનપુટ ક્રેડીટ મળે છે. એ વાત ખરી છે કે ઈનપુટ વિગની મે તપાસના કામે આપેલ નથી. એ વાત ખરી છે કે રકમ વસુલ લેવા માટે મે આરોપીને નોટીસ તથા સિવિલ દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરિયાદમા ચોકકસ કઈ તારીખે માલ લેવાની વાતચીત થયેલી તેની તારીખ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે મે પદમાવતી સેલ્સ એજન્સી પ્રોપરાઈટર હોવા અંગેનો તેમજ

તે પ્રોપરાઈટરશીપના પ્રોપરાઈટર મારા પત્ની સરીતાબેન હોવા અંગેનો કોઈ દસ્તાવેજ તપાસના કામે પોલીસને રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ પદમાવતી સેલ્સ એજન્સી પ્રોપરાઈટર હોવા અંગેનો દસ્તાવેજ રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી નથી કે મને ફરિયાદ દાખલ કરવા માટે પાવર ઓફ એટર્નીની રૂએ ફરિયાદ દાખલ કરવા અંગે ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદમા મારી સહી છે તથા સહીની ઉપર પાવર ઓફ એટર્નીની રૂએ સહી કરેલ હોય તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે માલ લેવા અંગેની જે કાઈ વાતચીત થયેલી તે મારે શૈલેષભાઈ સાથે થયેલી.એ વાત ખરી છે કે આ અગાઉ પણ મે ઘણી વાર શૈલેષભાઈ થકી માલ મંગાવેલ. એ વાત ખરી નથી કે માલ મંગાવવાની વાતચીત થયા બાદ હુ શૈલેષભાઈને પેમેન્ટ આપતો અને શૈલેષભાઈ માલ મને મોકલી આપતા. એ વાત ખરી છે કે હાલના વ્યવહાર પહેલા આરોપી નં. ર આશીષભાઈને હુ ઓળખતો પણ ન હતો કે તેમની સાથે વ્યવહાર પણ કરેલ ન હતો. એ વાત ખરી છે કે મે આરટીજીએસ કર્યું તે પહેલા હુ આરોપી ન.ર ને વ્યક્તિગત રીતે ઓળખતો ન હતો. આ કેસનો બનાવ મારી ફરિયાદ મુજબ તા.ર૯/૦૭/ર૦૧૯ ના રોજ બનેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે પેમેન્ટ આપેલુ. એ વાત ખરી છે કે હાલની ફરિયાદ મે તા.૦ર/૧ર/ર૦ર૦ ના રોજ આપેલી. એ વાત ખરી છે કે તા.ર૯/૦૭/ર૦૧૯ થી તા.ર/૧ર/ર૦ર૦ સુધીમા મને માલ મળ્યો નથી તો માલ મોકલી આપશો અથવા મારૂ મોકલેલ પેમેન્ટ તે અંગેની કોઈ લેખિત મે નોટીસ આપેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ટેલીફોનીક રીતે માંગણી કરતો હતો. એ વાત ખરી છે કે તા.૦ર/૧ર/ર૦ર૦ થી આજદિન સુધી મે મોકલેલ પેમેન્ટ અંગેની માલ મોકલી આપશો કે પેમેન્ટ મોકલી આપશો તેવી લેખિત નોટીસ આપેલ નથી. તે સમયે કયો મોબાઈલ વાપરતો હતો તે મને ખબર નથી. એન્ડ્રોઈડ મોબાઈલ હાલમાં મારી પાસે છે. એ વાત ખરી છે કે ઉપરોકત સમયગાળા સુધીનુ આરોપી સાથેની વાતચીતનુ કોલ રેકોર્ડીંગ મે પોલીસને આપેલ નથી. વધુમાં સદર ફરિયાદીને સવાલ કરવામાં આવેલ કે આ રેકોર્ડીંગ આપવા માંગો છો? જેના જવાબમાં જણાવેલ છે કે મે રેકોર્ડીંગ કરેલ નથી જેથી હુ રેકોર્ડીંગ આપી શકુ નહી. એ વાત ખરી છે કે ઉપરોકત જણાવેલ સમયગાળાની કોલ ડીટેલ્સ મે તપાસના કામે આપેલ નથી કે પોલીસે મારી પાસે માંગેલ નથી. એ વાત

ખરી છે કે તે સમયે જીએસટી એકટ લાગુ હતો. એ વાત ખરી છે કે જીએસટી બીલમાં જીએસટી નંબર સાથે ખરીદનાર વ્યક્તિનું નામ તથા તારીખ તથા માલનો જથ્થો તથા માલની વીગત તથા કવોન્ટીટી તથા સરકાર ધારા ધોરણો મુજબના જીએસટીની વિગત બીલમા દર્શાવેલી હોય છે. એ વાત ખરી છે કે જીએસટી બીલ જનરેટ થયા બાદ તેના આધારે ઈ–વે બીલ બનાવવામાં આવે છે અને જીએસટી બીલની વિગતો ઈ–વે બીલમા પણ દર્શાવવામાં આવે છે. એ વાતની મને ખબર નથી કે જીએસટી અંગેનુ રીર્ટન ભર્યા બાદ તે અંગેના જે કાંઈ ભરવા પાત્ર રકમ ઓનલાઈન ભરવાની હોય છે અને તેની હકીકત જોવી હોય તો ઓનલાઈન જીએસટીની સાઈટ પર જઈ ડાઉનલોડ કરવાની હોય છે. એ વાત ખરી નથી કે આવુ જીએસટી બીલ કે ઈ–વે બીલ જયારે વેચનારને માલનો ઓર્ડર મળે ત્યારે બનાવતા હોય છે. મને અગાઉની મુદતે જે દસ્તાવેજ લાવવા જણાવેલ તે દસ્તાવેજો હુ આજરોજ મારી સાથે લાવેલ છુ. જે મારી સંસ્થાની નોંધણીનુ પ્રમાણ પત્ર તથા જીએસટી સર્ટીફીકેટ છે જે દસ્તાવેજને અનુક્રમે રજુ દાખલ આંક–૪૦ અને આંક–૪૧ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે આંક–૪૦ વાળો નોંધણી સર્ટીફીકેટમા તા. ૩૦/૧૨/૨૦૧૯ સુધી રીન્યુ થયેલ છે. એ વાત ખરી છે કે ત્યારબાદ રીન્યુ થયેલ હોય તેની આંક–૪૦ વાળા પ્રમાણપત્રમા નોંધ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હવે નિયમ મુજબ રીન્યુ કરવાની જરૂર નથી. મને આંક–૪૪ બતાવવામા આવે છે કે તે જોયને કહુ છુ કે તેમા લક્ષ્મી સ્ટલી ટ્રેડર્સે કરણ એસોસીએટનને તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ બીલ નં. ટી ૧૧૩૩ થી કવોન્ટીટી ૧૧.૫૩૫ મેટ્રીક ટન એમ.એસ.બાર મોકલેલ છે. જેની ટોટલ અમાઉન્ટ રૂ.૪,૪૮,૫૩૫/– છે. તે બીલમાં કરણ એસોસીએટનો જીએસટી નં. ૨૪એજીએનપીટી૧૧૧૭ઈ૨ઝેડકે છે અને તે માલ વ્હીકલ નં. જીજે.–૦૪–એડબલ્યુ–૯૩૨૬ થી મોકલેલ છે. મને આંક–૪૫ બતાવવામાં આવે છે તે જોયને કહુ છુ કે તે ઈ–વે બીલ છે તે માલ ડીસ્પેચ કરતી વખતે આપવાનુ બીલ છે. મને આંક–૪૬ બતાવવામા આવે છે તે કરણ એસોસીએટનુ બીલ છે તે કરણ એસોસીએટે પદમાવતી સ્ટીલ, દેવગઢ બારીઆને બનાવેલ બીલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આંક–૪૪ વાળા બીલમા સમય સાંજના ૮:૧૦ પીએમ બતાવે છે અને બીજા આંક–૪૬ મા સમય સાંજના ૮:૨૭ નો સમય બતાવે છે. એ વાત ખરી છે કે મારી ફરિયાદમા તથા આંક–૪૬

વાળા બીલમા રકમ સરખી દર્શાવે છે. મને આંક–૪૭ વાળા દસ્તાવેજ બતાવવામા આવે છે તે જોયને કહુ છુ કે તેમા પેરા–૧ મા ટી ૧/૧૩૩ અને તે બીલની એમાઉન્ટ આંક–૪૩ વાળા બીલની એમાઉન્ટ સેમ છે. એ વાત ખરી છે કે ઈ–વે બીલ સીવાય કોઈ પણ માર્ક ડીસ્પેચ થાય નહી. મને આંક–૪૯ બતાવવામા આવે છે તેના પાના નં.૧ મા પદમાવતી સેલ્સ એજન્સી લખેલ છે અને તેનો જીએસટી નંબર અને આંક–૪૧ વાળા જીએસટી નંબર સરખા છે. એ હુ કહી શકુ નહી કે આંક–૪૯ વાળો દસ્તાવેજ એ ઓનલાઈન પ્રિન્ટ છે કે કેમ? એ વાત ખરી છે કે તે બીલ તા. ૧૭/૦૧/૨૦૧૯ નુ છે અને બીલમાં જણાવેલ રકમ અને મે ફરીયાદમા જણાવેલ રકમ એક સરખી છે. એ વાત ખરી છે કે ફરિયાદ મોડી આપવાનુ કોઈ કારણ મે મારી ફરિયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ માલ મે દલાલ મારફતે મંગાવેલ.

(૮.૨) આ કામે ફરિયાદ પક્ષે આંક–૫૧ થી ત.ક.અમલદાર આરતસીંહ રામજીભાઇ બારીઆને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ જણાવે છે કે તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ હુ દેવગઢ બારીઆ પો.સ્ટે. ગુ.ર.નં.૨૦/૨૦૨૦ આઈ.પી.સી.કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ ની તપાસ પી.એસ.આઈ. એન.જે.પંચાલનાઓએ અમારી તરફ મોકલતા ગુનાના કામે સાહેદ દીલીપભાઈ કાન્તીભાઈ શાહ રહે.વલ્લભ આંબાવાડી, ભાવનગરનાઓનું ગુનાના કામે નિવેદન મારી રૂબરૂ લીધેલ તથા જીતેન્દ્ર કાન્તીલાલ બારીઆ રહે. ભાવનગરનાઓને તપાસના કામે નીવેદનો મે લીધેલા અને તપાસના કામે આરોપી નં. ૨ આશીષભાઈ ભરતભાઈ ત્રિવેદી તેઓએ આગોતરા જામીન મેળવેલા પરંતુ આરોપી નં.૧ શૈલેષભાઈ કાન્તીદાસ વેદાણીને સીહોર પો.સ્ટે. વિસ્તારથી દેવગઢ બારીઆ પો.સ્ટે.ના ગુના રજી. નં.૨૦/૨૦૨૦ ના કામે ગુના સંબંધી લાવી એમ. એફ. ડામોર સી.પો.સ.ઈ.નાઓને સોપેલ. સી.પી.એસ.આઈ. એમ. એફ. ડામોરનાઓને સોંપતા તેઓએ આ કામના આરોપી શૈલેષભાઈ કાળીદાસને જે તે સમયે કોવીડ ૧૯ અન્વયે કોરોના આર.ટી.પી.સી.આર.રજુ કરતા આરોપી રેપીડ ટેસ્ટ પોઝીટીવ આવતા દેવગઢ બારીઆ ચૌહાણ હૉસ્પિટલ ખાતે સારવાર અર્થે રાખેલા અને ત્યારબાદ દાહોદ ઝાયડસ હોસ્પિટલમા સારવાર કોરન્ટાઈન માટે રીફર કરવામા આવેલા. જે અંગે નામદાર કોર્ટને જાણ કરેલ તે રીપોર્ટ આ કામે

આંક–૫૨ થી રજુ છે. મે.પો.ઈ.ભાવનગર, પોલીસ મદદ ફાળવવા બાબતનો રીપોર્ટ તેમા ગુનાના કામે આરોપી શૈલેષભાઈ કાળીદાસ વેદાણીનાઓ મળી આવતા ત્યાંથી દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન તપાસના કામે લાવવા માટે સ્ટેશન ડાયરીમા નોંધ કરાવેલ જે રીપોર્ટ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૫૩ આપવામાં આવેલ છે. આ કામના આરોપી શૈલેષ કાળીદાસ વેદાણીનાઓની ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં તપાસમા જવા પોલીસ મદદ માટે લખેલ યાદી રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૫૪ આપવામાં આવે છે. આરોપી શૈલેષ કાળીદાસ વેદાણીની ભાવનગરના સીહોર પો.સ્ટે. વિસ્તારમા તપાસમા જવા માટે પોલીસ મદદ મળવા માટે પો.સ.ઈ.સીહોર પો.સ્ટે.ને લખેલ યાદીની નકલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૫૫ આપવામા આવેલ છે. આરોપી નં. ૨ને ઓળખી શકુ. જે નામદાર કોર્ટમા હાજર છે. આરોપી નં. ૧ નામદાર કોર્ટમાં હાજર નથી.

જયારે સદર ત.ક.અમલદારે આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મને આ કામની ફરિયાદ અંગેની તપાસ પી.એસ.ઓ.તરફથી સોપવામા આવેલ નથી. આ કામની તપાસ મારી પાસે આવતા અગાઉ તપાસ પી.એસ.આઈ. એન.જે.પંચાલનાઓ કરતા હતા. એ વાત ખરી છે કે મારી અગાઉના તપાસ કરનાર અધિકારીએ મને તપાસ સોંપી તે પહેલા કોઈ સાહેદોના નિવેદનો લીધેલ હોય કે કોઈ દસ્તાવેજ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાતની ખબર નથી કે મે તપાસ સંભાળી તે પહેલા અગાઉના તપાસ અધિકારીએ કોઈ નિવેદન કે દસ્તાવેજો કબજે કરેલ હોય તેવુ મારી તપાસમા ખુલતુ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ ૨૯/૦૭/૨૦૧૯ ના રોજ બનેલો જયારે આ કામની ફરિયાદ પોલીસ સ્ટેશનમા તા.૦૨/૧૨/૨૦૨૦ ના રોજ દાખલ કરવામા આવેલ છે. એ વાત ખરી છે કે આ ફરિયાદ અંદાજે સત્તર મહીના બાદ દાખલ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે મે પદમાવતી સેલ્સ એજન્સી (ફરીયાદીની સંસ્થા)ના સબંધીત કર્મચારીનુ નિવેદન તેના ગોડાઉનમા માલ મળેલ છે કે તે બાબતે લીધેલ નથી. એ વાત ખરી છે કે આ કામે માલ આવક જાવકના રેકર્ડના દસ્તાવેજ તપાસના કામે મેળવેલ નહી તથા આજુબાજુના વેપારીઓની પુછપરછ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદના અનુંસંધાને ફરિયાદીએ કઈ તારીખે

આવા માલનો ઓર્ડર આપેલ હોય અને આ માલ રૂ. ૧.૨૦ પૈસા સસ્તો મળશે તેવુ કોઈ નિવેદન તપાસના કામે ખુલવા પામતુ નથી. એ વાત ખરી છે કે આરોપીઓએ ફરીયાદીને માલ ના મોકલ્યો હોય તેવુ કોઈ પણ નિવદન મે લીધેલ નિવેદનોમા ખુલાવા પામેલ નથી. એ વાત ખરી છે કે આંક–૪૪ તથા ૪૬ વાળા બન્ને વેચાણ અંગેના બીલો મે કબજે કરેલ. તેમજ આંક–૪૫ અને ૪૭ વાળા બન્ને દસ્તાવેજો મે કબજે કરેલા છે. એ વાત ખરી છે કે આ પૈકી એક પણ બીલો ખોટા હોય તેવુ મારી તપાસમા ખુલવા પામતુ નથી. એ વાત ખરી છે કે બન્ને બીલો તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજના છે તેમજ આક–૪૫ અને ૪૭ વાળા બન્ને દસ્તાવેજો તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજના છે. એ વાત ખરી છે કે આંક–૪૪ મા દર્શાવેલ માલની કવોન્ટીટી તથા આંક–૪૬ મા દર્શાવેલ માલની કવોન્ટીટી એકસરખી છે તથા આંક–૪૪ થી ૪૭ વાળા દસ્તાવેજમા માલ મોકલાવેલા ટ્રકનો નંબર જીજે–૪–એડબલ્યુ–૯૩૨૬ લખેલ છે તે તે જ છે. આંક–૪૬ વાળા દસ્તાવેજ જોયને કહુ છુ કે તેમા માલ લેનારનુ નામ પદમાવતી સેલ્સ એજન્સી લખેલ છે. એ વાત ખરી છે કે આંક–૪૧, ૪૬ તથા ૪૭ મા દર્શાવેલ જી.એસ.ટી.આઈ.એન.નંબર સરખા છે અને તે પદમાવતી સેલ્સ એજન્સીના છે. એ વાત ખરી છે કે ટ્રક માલીક કે ટ્રકના ડ્રાયવરનુ મે આ કામે કોઈ નિવેદન લીધેલ નથી.

(૮.૩) આ કામે ફરિયાદ પક્ષે આંક–૫૭ થી તપાસ કરનાર અમલદાર નકુલ જગદીશભાઇ પંચાલનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ જણાવે છે કે તા.૦૨/૧૨/૨૦૨૦ ના રોજ હુ બારીઆ પો.સ્ટે. પી.એસ.આઈ. તરીકે મારી ફરજ પર હતો તે દરમ્યાન બારીઆના ફરિયાદી અમરબાબુ ચંદનબાબુ જૈનનાઓની ફરિયાદ દેવ.બારીઆ ગુ.ર.નં. ૬૨૦/૨૦૨૦ ઈ.પી.કો. કલમ–૪૦૬,૪૦૯, ૪૨૦, ૧૧૪ મુજબના ગુનાની તપાસ પી.એસ.ઓ.એ રજીસ્ટર કરેલ અને તપાસ મારી તરફ આવતા મે તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે આ કામના આરોપીઓને નોટીસ આપી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ આ કામે ફરિયાદીશ્રીના બેન્ક એકાઉન્ટની ડીટેઇલ મેળવેલ જે ફરિયાદીશ્રીની એજન્સી પદમાવતી એજન્સીએ આ કામના આરોપી આશીષ ત્રીવેદીનાઓને કરણ એશોસીએટના ટ્રાન્સફર કરેલ રકમ રૂ. ૪,૬૩,૫૪૬/– નુ સ્ટેટમેન્ટ જે જેને રજુ દાખલ આંક–૫૮ આપવામાં આવેલ છે. તેમજ આ કામના આરોપી

આશીષ ભરતભાઈ ત્રીવેદીનાઓ આગોતરા જામીન લઈ પો.સ્ટે. હાજર થયેલા તેઓને નામદાર કોર્ટના હુકમ મુજબ અટક કરી જામીન મુકત કરેલ તથા તપાસના કામે પુછપરછ કરવામાં આવેલ. ત્યારબાદ અમારા માતાશ્રી બિમાર હોય અમોએ પો.સ્ટે.નો ચાર્જ પી.એસ.આઈ. એ. એ. રાઠવાનાઓને સોપી રજા ઉપર ગયેલ. સદર ગુનાની આગળની તપાસ એ. એ. રાઠવાનાઓએ કરેલ હોય તેઓશ્રીએ આરોપી નં. ૧ શૈલેષ કાળીદાસ જાતે જોશીનાઓને અટક કરેલ. ત્યારબાદ અમો રજા પરથી પરત આવતા સદર ગુનાની તપાસ સંભાળી લીધેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરવામાં આવેલ.

જયારે સદર તપાસ કરનાર અમલદારે આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે હુ દેવગઢ બારીઆ પો.સ્ટે.મા સીની.પી.એસ.આઈ. તરીકે ફરજ બજવતો હતો. એ વાત ખરી છે કે મને પી.એસ.ઓ. દેવગઢ બારીઆ તરફથી તપાસ કરવા અંગે કોઈ હુકમ કરેલ હોય તે અંગેનો કોઈ પણ હુકમ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે સદર કેસની તપાસ મને ડેપ્યુટ હુકમથી સોપેલ નથી. એ વાત ખરી છે કે બનાવ તા. ૨૯/૦૭/૨૦૧૯ ના રોજનો છે. એ વાત ખરી છે કે આ કામની ફરિયાદ તા.૦૨/૧૨/૨૦૨૦ ના રોજ આપવામા આવેલ છે. એ વાત ખરી છે કે આ ફરિયાદ અંદાજીત દોઢેક વરસ પછી આપવામા આવેલ છે. એ વાત ખરી નથી કે ફરિયાદ મોડી આપવાનુ કોઈ કારણ ફરિયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદમા કોઈ નામજોગ સાહેદો જણાવેલ નથી. એ વાત ખરી છે કે જે તે સમયે જી.એસ.ટી.એકટ અમલમા હતો. એ વાત ખરી છે કે જી.એસ.ટી.અંગેના રેકર્ડની તપાસ કરી આ કામે રજ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તપાસના કામે આવા કોઈ દસ્તાવેજના જરૂર જણાયેલ નહી. એ વાત ખરી છે કે જીએસટી અંગેનું પત્રક ૨ બી ખરીદી અંગેનુ સ્ટેટમેન્ટ છે તેવુ કોઈ સ્ટેટમેન્ટ મે આ કામે રજુ કરેલ નથી કે રજુ કરવા માટે ફરિયાદીને નોટીસ પણ કાઢેલ નથી. એ વાતની મને ખબર નથી કે જીએસટી બીલમા ખરીદ વેચાણના આંકડાના આધારે ઈનપુટ ક્રેડીટ મળે છે અને અને તે અંગેનુ પણ પત્રક હોય છે. એ વાત ખરી છે કે પદમાવતી સેલ્સ એજન્સી ફરિયાદી સંસ્થામા જઈને એકાઉન્ટ સંભાળતા હોય તેવા કોઈ સાહેદના મે નિવેદન લીધા નથી. એ વાત ખરી છે કે

પદમાવતી સેલ્સના કોઈ વોચમેન અથવા માલનુ સ્ટોકનુ સંભાળતા હોય તેવા કોઈ સાહેદના નિવેદન મે તપાસના કામે લીધેલ નથી. એ વાત ખરી છે કે અમો રજા પર ગયા તે પછી તપાસ અંગેનો ચાર્જ એ.આર.બારીઆનાઓએ સંભાળેલ. એ વાત ખરી છે કે તેઓએ બે નિવેદનો લીધેલા. એ વાત ખરી છે કે ત્યારબાદની તપાસ રાઠવા સાહેબે સંભાળેલી. એ વાત ખરી છે કે તે બાદ મે તપાસ સંભાળેલી. એ વાત ખરી છે કે એ.આર.બારીઆ તપાસ પુર્ણ કર્યા પછી એ.એ.રાઠવા સાહેબે કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે આંક–૪૫ વાળુ બીલ મને બતાવવમા આવે છે તે જોયને કહુ છુ કે તે બીલમા પદમાવતી સેલ્સ એજન્સીને તા.૧૭/૦૭/૨૦૧૯ ના રોજ માલ મોકલ્યા અંગેનુ બીલ છે અને તેમા પેમેન્ટ ચુકવેલ રકમ બન્ને એક જ રકમ છે. એ વાત ખરી છે કે આક–૪૫ ના બીલમાં ક્રેડીટ ડેટ સેમ ડે છે. તે બીલ જોયને કહુ છુ કે તેમા લખેલ કન્ડીશન મુજબ તે દીવસે પેમેન્ટ ચુકવવાનુ હોય છે. એ વાત ખરી છે કે આંક–૪૫ વાળા બીલની રકમ રૂ. ૪,૬૩,૫૪૬/– છે જયારે ચુકવેલ પેમેન્ટની રકમ રૂ. ૪,૬૩,૫૪૬/– ની છે જે આજ બીલનુ હતુ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે આંક–૪૫ વાળા બીલનુ પેમેન્ટ ચુકવેલ કે કેમ? તે અંગેની મે કોઈ ખરાઈ કરેલ નથી. એ વાત ખરી છે કે તે બીલમા જણાવેલ ટર્મ અને કન્ડીશનમાં જણાવેલ છે કે શરત ૧ મુજબ અમારી જવાબદારી ગુડસ ફકત અમારા પ્રીમાઈસ બહાર નીકળે ત્યા સુધીની છે. એ વાત ખરી છે કે શરત ૨ મુજબ નકકી કર્યા સમય બાદ રકમ ચુકવવામા આવે તો ૨૪% અલગથી ચુકવવામા આવશે. આવુ અલગથી વ્યાજ ચુકવ્યુ હોય તેવો કોઈ આધાર મે આ કામે કબજે લીધેલ નથી. એ વાત ખરી છે કે શરત નં.૩ મા સબ્જેક ટુ ભાવનગર જયુરીડીકશન લખેલ છે. એ વાત ખરી છે કે આંક–૪૫ વાળુ બીલ જોયને કહુ છુ કે આ કહેવાતો માલ શ્રી રાધે મોહન ટ્રાન્સપોર્ટ તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ ઈન્વોઈસ નં. ટી ૧–૩૧ જીજે–૦૪–એડબલ્યુ–૯૩૨૬ મા પદમાવતી સેલ્સ એજન્સીને જીએસટી આઈ ન. ૨૪એઆઈએફપીજેલ્પ૪૨ડીએકઝેડએફ લખેલ છે. મને આંક–૪૧ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે પદમાવતી સેલ્સ એજન્સીનો છે જેમા પણ જણાવેલ જીએસટી આઈએન નંબર બીલમા જણાવેલ બન્ને સરખા છે અને તેમા પદમાવતી સેલ્સ એજન્સી સરનામું લખેલ છે. આંક–૪૬ વાળો દસ્તાવેજ બતાવવમાં આવે છે તે ઈ વે

બીલ છે જેમા જીએસટી એએન નંબર દર્શાવેલ છે તે આંક-૪૫ અને આંક-૪૧ મા જણાવેલ જીએસટી એએન ત્રણે સરખા છે અને તે પદમાવતી સેલ્સ એજન્સી, દેવગઢ બારીઆ ગુજરાતના છે. મે શ્રી રાધે મોહન ટ્રાન્સપોર્ટના ડ્રાયવર કે માલીક અંગે તપાસ કરેલ પરંતુ તેઓનુ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે આરોપી નં. ૧ ની સાથે ફરિયાદીએ ફોન કરી પુછપરછ કરી ખરીદતો હતો તેવુ બીલ મે આ કામે રજુ કરેલ નથી. આ કામના ફરીયાદીએ આરોપી નં.૧ ની સાથે ભાવ અંગે વાતચીત કરી કરણ એશોશીયેશનના માલીક પાસેથી રૂ. ૧.૨૦/- પૈસા કીલોએ ભાવ સસ્તો પડશે તેવુ સાહેદના નિવેદનમાં નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બન્ને આરોપીઓની પુછપરછ દરમ્યાન સદર બાબત જણાવેલ છે. એ વાત હુ કહી શકુ નહી કે કોઈ પણ માલનુ પેમેન્ટ કેટલુ નકકી થશે અને તે માલનુ અંદાજીત પેમેન્ટ બધા ચુકવતા હોય છે. એ વાત ખરી છે કે લોખંડનુ વજન કીલોમા થાય. એ વાત ખરી છે કે કેટલા કીલો વજન થશે તે વજન કર્યા વગર નકકી ના થઈ શકે. એ વાત ખરી છે કે તે વખતે જીએસટી ધારો લાગુ પડતો હતો તેથી સરકારી ધારા ધોરણ મુજબ જીએસટી ભરવાનુ હોય છે. એ વાત ખરી છે કે કોઈ પણ વસ્તુનું ચોકકસ વજન તથા ભાવ નકકી ના થાય તો તેની ચોકકસ કેટલી રકમ થશે તે કહી શકુ નહી. આ પૈસા જમા કર્યા પછી ફરિયાદી કરણ એશોશીયેશનના માલીક આશીસભાઈએ પૈસા આવી ગયા છે અને તમોને માલ એક બે દીવસમા માલ મળી જશે તેવી વાત કરેલ અને બે દીવસ બાદ માલ નહી મળતા મે દલાલ શૈલેશભાઈને વાત કરતા શૈલેશભાઈએ ગાડી મળેલ ના હોય માલ મોકલેલ નથી અને ગાડી મળશે તો માલ મોકલી આપશુ તેવી કોઈ હકીકત સાહેદોના નિવેદનમા જણાવેલ અને તે પછી મે આશીષભાઈને ફોન કરતા તેઓ પુછતા બહાના કાઢતા હોય જેથી હું રૂબરૂમાં ભાવનગર જઈ આ આશીષભાઈને મળતા તેઓએ જણાવેલ કે મે શૈલેષભાઈના બાકી પૈસા જમા લીધા છે તો તમારે દલાલ શૈલેષભાઈ સાથે લેવા દેવા મને આ બાબતે પુછવાનું નહી તેવુ જણાવેલ અને મે આ શૈલેષભાઈ વેદાણી તથા આશીષભાઈનાઓએ મારા મંગાવેલ લોખંડના સળીયા આપવા જણાવતા આપેલ ન હોય તેમજ મારા જમા કરાવેલ પૈસા પરત આપવા જણાવતા આપેલ નહી આવી કોઈ હકીકત અન્ય સાહેદોના નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ આ બાબતે કોઈ રેકોડીંગ રજુ કરેલ નથી કે

ફરિયાદી ભાવનગર ગયા હોય તેવુ અન્ય કોઈ સાહેદોના નિવેદનમા ખુલવા પામ્યુ નથી. એ વાત ખરી છે કે શૈલેષભાઈ વેદાણી તથા કરણ એશોશીયનના માલીક આશીષભાઈએ બન્ને જણાએ લોખંડના સળીયા રૂ. ૧.૨૦/– પૈસાનો ફાયદો થશે તેવી લાલચ આપી ભરોસો આપી ચાર લાખ આપી અમારી સાથે વિશ્વાસઘાત કરેલ હોય તેવી કોઈ હકીકત અન્ય સાહેદોમા ખુલવા પામેલ નથી. એ વાત ખરી છે કે અમોએ બેન્કના મેનેજરનુ પણ કોઈ નીવેદન લીધેલ નથી. એ વાતની મને ખબર નથી કે જીએસટી અંગેની તમામ રીટર્નો ઓનલાઈન ભરવાના હોય છે અને તે રીતે ઈનપુટ ક્રેડીટ ઓનલાઈન મળે છે. એ વાત ખરી છે કે આશીષભાઈ સાથે અગાઉ આવો કોઈ વ્યવહાર થયો હોય તેવુ પણ સાહેદોના નિવેદનમા ખુલવા પામેલ નથી. એ વાત ખરી છે કે આંક–૪૨ ના માર્ક ૪૨/૬ જોયને કહુ છુ તેમા ઓન લાઈન પ્રીન્ટ છે અને તેમા જીએસટી માલ મોકલ્યા અંગેનો રેકોર્ડ છે તેમા દર્શાવેલ જીએસટી અને આંક–૪૧ મા જણાવેલ જીએસટી નંબર સેમ છે તથા બી ટુ બી માં જણાવેલ રકમ તથા ઈન્વોઈસ ડેટ સેમ છે. એ વાત ખરી છે કે બન્ને વહેપારીઓ છે. એ વાત ખરી છે કે જે તે વખતે બે વેપારી વચ્ચે જે કાઈ વાતચીત થઈ હોય તે મુજબ માલનુ પેમેન્ટ કરવાનુ હોય છે. એ વાત ખરી છે કે આ પૈસા મેળવવા માટે હુ ફરિયાદની હકીકત કહુ છુ કે કોઈ લીગલ નોટીસ કે દાવો અમારી તપાસમા રજુ થયેલ નથી. એ વાત ખરી છે કે આ બાબતની મે તપાસ કરેલ હોય તેવુ પણ બનેલ નથી. એ વાત ખરી છે કે આ કામે અમોએ કોઈ કલમ ઘટાડવા માટે સમરી ભરેલ નથી. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ના હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૯) રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મૂલ્યાંકન નીચે મુજબ છે.

(૯.૧) આ કામે ફરિયાદ પક્ષના કેસ મુજબ ફરિયાદી દેવગઢ બારીઆ ખાતે પદ્માવતી સેલ્સ એજન્સીના નામે સિમેન્ટ અને લોખંડના સળીયાનો વેપાર કરે છે. આ કામના આરોપી નં. ૧ શૈલેષભાઈ વેદાણી વિરુધ્ધ એવા આક્ષેપ છે કે તેઓ વચ્ચે દલાલ બની આ કામના આરોપી નં. ૨ આશીષભાઈ કે જે કરણ એસોસીએટના માલિક છે તેઓ સાથે પરિચય કરાવ્યો હતો અને ફરિયાદીને બજાર ભાવ કરતા એક કિલોએ રૂ. ૧.૨૦/– સસ્તા ભાવે સળીયા અપાવવાની લાલચ આપેલ. જ્યારે આરોપી નં. ૨ વિરુધ્ધ એવા આક્ષેપ છે કે તેઓએ ફરિયાદીને પાકો વિશ્વાસ આપી, એડવાન્સ પેટે રૂ.

૪,૬૩,૫૪૬/– આર.ટી.જી.એસ. મારફતે પોતાના ખાતામાં જમા કરાવી લીધા હતા અને ત્યારબાદ માલ ન મોકલી તેમજ રકમ પરત ન આપી, એવું જણાવેલ કે આ રકમ તેઓએ આરોપી નં. ૧ ના અગાઉના બાકી લેણાં પેટે જમા કરી લીધી છે. આમ, બંને આરોપીઓએ એકબીજાની મદદગારીથી કાવતરું રચી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાના આક્ષેપો છે.

આ કામે પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦, અને ૧૧૪ મુજબ ચાર્જશીટ કરેલ છે અને તે મુજબ ચાર્જ ફ્રેમ થયેલ છે. આ તબક્કે આરોપીઓ વિરુદ્ધ જે કલમ મુજબના આક્ષેપો કરવામાં આવેલ છે જે ધ્યાને સદર કલમો ધ્યાનપૂર્વક વંચાણે લેવી જરૂરી હોય તે નીચે મુજબ છે.

Section 405 of Indian Penal Code

Criminal breach of trust

Whoever, being in any manner entrusted with property, or with any dominion over property, dishonestly misappropriates or converts to his own use that property, or dishonestly uses or disposes of that property in violation of any direction of law prescribing the mode in which such trust is to be discharged, or of any legal contract, express or implied, which he has made touching the discharge of such trust, or wilfully suffers any other person so to do, commits "criminal breach of trust".

Section 406 of Indian Penal Code

Punishment for criminal breach of trust

Whoever commits criminal breach of trust shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

Section 409 of Indian Penal Code

Criminal breach of trust by public servant, or by banker, merchant or agent

Whoever, being in any manner entrusted with property, or with any dominion over property in his capacity of a public servant or in the way of his business as a banker, merchant, factor, broker, attorney or agent, commits criminal breach of trust in respect of that property, shall be punished with [imprisonment for life], or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

Section 420 of Indian Penal Code

Cheating and dishonestly inducing delivery of property

Whoever cheats and thereby dishonestly induces the person deceived to deliver any property to any person, or to make, alter or destroy the whole or any part of a valuable security, or anything which is signed or sealed, and which is capable of being converted into a valuable security, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

આમ, પ્રથમ દર્શનીય રીતે જોતાં, જો ફરિયાદ પક્ષનો કેસ માનવા ખાતર સાચો માની લેવામાં આવે તો, કલમ ૪૦૬ – ગુનાહિત વિશ્વાસઘાત, કલમ ૪૨૦ – છેતરપિંડી અને કલમ ૧૧૪ – એકબીજાની મદદગારીના ગુનાના આવશ્યક તત્વો બને છે. પરંતુ, કલમ ૪૦૯ – જાહેર સેવક, બેન્કર, વેપારી અથવા આડતીયા દ્વારા ગુનાહિત વિશ્વાસઘાત આ કામે લાગુ પાડી શકાય કે કેમ તે શંકાસ્પદ છે. કલમ ૪૦૯ના અર્થઘટન

મુજબ, રકમ કોઈને કાયદેસરના 'એજન્ટ' કે 'વેપારી' તરીકે સોંપવામાં આવી હોય ત્યારે જ તે કલમ આકર્ષાય છે, જ્યારે હાલના કેસમાં પક્ષકારો વચ્ચેનો સંબંધ 'ખરીદનાર' અને 'વેચનાર' નો હોવાનું સ્પષ્ટ જણાય છે, જેથી આ કામે મુખ્યત્વે કલમ ૪૦૯ મુજબ આક્ષેપ ફક્ત કલમના જરૂરી તત્વો ધ્યાને લેતા લાગુ પડશે નહિ.

(૯.૨) હવે આ કામે ફરિયાદ ફરિયાદી અમરબાબુ ચંદનબાબુ જૈન ની આંક ૩૪ વાળી જુબાની વંચાણે લેતા તેમાં સરતપાસમાં તેઓએ ફરિયાદની હકીકતને સમર્થન આપ્યું છે અને આર.ટી.જી.એસ. મારફતે રકમ ટ્રાન્સફર કર્યાના દસ્તાવેજો આંક–૩૫ અને ૩૮ રજૂ કર્યા છે.સદર બનાવ તા. ૨૯/૦૭/૨૦૧૯ નો છે, જ્યારે ફરિયાદ તા. ૦૨/૧૨/૨૦૨૦ ના રોજ એટલે કે આશરે ૧૭ મહિનાના વિલંબ બાદ આપવામાં આવેલ છે. ફરિયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ કહું વધુ છે અને આટલા લાંબા વિલંબ અંગે ફરિયાદી કોઈ સંતોષકારક ખુલાસો આપી શક્યા નથી. વધુમાં, ફરિયાદીએ વિલબનાં સમયગાળામાં કે તે પછી પણ આરોપીઓ વિરુદ્ધ કોઈ લેખિત નોટિસ આપી નથી કે સિવિલ કોર્ટમાં રકમ વસૂલાતનો દાવો પણ દાખલ કર્યો નથી. વધુમાં, ઉલટતપાસમાં બચાવ પક્ષ તરફથી રજૂ થયેલા બીલો વંચાણે લેતા અને તેમાં દર્શાવેલી વિગતો ધ્યાને લેતા તે ફરિયાદીના વ્યવહાર સાથે મળતી આવે છે. વધુમાં, ફરિયાદીએ જી.એસ.ટી. રિટર્ન, ઈનપુટ ક્રેડિટના કાગળો કે માલના સ્ટોકના રજીસ્ટર તપાસના કામે રજૂ કર્યા નથી.

આ કામે તપાસ પક્ષે આંક–૫૧ થી આરતસીંહ રામજીભાઈ બારીઆ અને આંક–૫૭ થી નકુલ જગદીશભાઈ પંચાલ ને તપાસેલ છે. બંને તપાસ અધિકારીઓની જુબાની અને તેઓની ઉલટતપાસનું મુલ્યાંકન દર્શાવે છે કે આ કામની તપાસ ખામીયુક્ત છે. કોઈપણ આર્થિક કે વ્યાપારી ગુનામાં જી.એસ.ટી. રેકોર્ડ, ઈ–વે બિલ, અને ટ્રાન્સપોર્ટરના નિવેદનો કેસની મહત્વની કડી હોય છે. તપાસ કરનાર અમલદારે એ સ્પષ્ટપણે કબૂલ્યું છે કે તેઓએ ફરિયાદીના કે આરોપીના જી.એસ.ટી. રિટર્ન, ઈનપુટ ક્રેડિટ કે બિલ બુકની કોઈ ઉંડાણપૂર્વક તપાસ કરી નથી. આંક–૪૪ થી ૪૭ ના બીલો અને ઈ–વે બિલમાં માલ મોકલ્યાનો ટ્રક નંબર જીજે૦૪ એડબલ્યુ ૯૩૨૬ સ્પષ્ટ લખેલો હોવા છતાં, કોઈ પણ ત.ક.અ એ ટ્રાન્સપોર્ટર શ્રી રાધે મોહન ટ્રાન્સપોર્ટ ના માલિક કે

ડ્રાઈવરનું નિવેદન લીધું નથી કે માલ ખરેખર ક્યાં અનલોડ થયો હતો તેની ખાતરી કરી નથી.

આ તબક્કે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા **Alpic Finance Ltd. vs. P. Sadasivan and Another, 2001 (0) AIJEL-SC 983** નો સંબંધિત પેરા નીચે મુજબ છે:

7. In a few cases, the question arose whether a criminal prosecution could be permitted when the dispute between the parties is of predominantly civil nature and the appropriate remedy would be civil suit. In one case reported in Madhavrao Jiwajirao Scindia V/s. Sambhajirao Chandrojirao Angre, (1988) 1 SCC 692 , this Court held that if the allegations in the complaint are both of a civil wrong and a criminal offence, there would be certain situations where it would predominantly be a civil wrong and may or may not amount to a criminal offence. That was a case relating to a trust. There were three trustees including the settlor. A large house constituted part of the trust property. The respondent and the complainant were acting as Secretary and Manager of the Trust and the house owned by the trust was in the possession of a tenant. The tenant vacated the building and the allegation in the complaint was that two officers of the trust, in conspiracy with one of the trustees and his wife, created documents showing tenancy in respect of that house in favour of the wife of the trustee. Another trustee filed a criminal complaint alleging that there was commission of the offence under Sections 406, 467 read with Sections 34 and 120-B of the Indian Penal Code. The accused persons challenged the proceedings before the High Court under Section 482 of the Code of Criminal Procedure and the High Court quashed the proceedings in respect of two of the accused persons. It was under those circumstances that this Court observed :

"Though a case of breach of trust may be both a civil wrong and a criminal offence but there would be certain situations where it would predominantly be a civil wrong and may or may not amount to a criminal offence. The present case is one of that type where, if at all, the facts may constitute a civil wrong and the ingredients of the criminal offences are wanting. Having regard to the relevant documents, including the trust deed as also the correspondence following the creation of the tenancy, the submissions advanced on behalf of the parties, the natural relationship between the settlor and the trustee as mother and son and the fall out in their relationship and the fact that the wife of the co-trustee was no more interested in the tenancy, it must be held that the criminal case should not be continued."

10. The facts in the present case have to be appreciated in the light of the various decisions of this Court. When somebody suffers injury to his person, property or reputation, he may have remedies both under civil and criminal law. The injury alleged may form basis of civil claim and may also constitute the ingredients of some crime punishable under criminal law. When there is dispute between the parties arising out of a transaction involving passing of valuable properties between them, the aggrieved person may have right to sue for damages or compensation and at the same time, law permits the victim to proceed against the wrongdoer for having committed an offence of criminal breach of trust or cheating. Here the main offence alleged by the appellant is that respondents committed the offence under Section 420, Indian Penal Code and the case of the appellant is that respondents have cheated him and thereby dishonestly induced him to deliver property. To deceive is to induce a man to believe that a thing is true which is false and which the person practising the deceit knows or believes to be false. It must also be shown that there existed a fraudulent and dishonest

intention at the time of commission of the offence. There is no allegation that the respondents made any willful misrepresentation. Even according to the appellant, parties entered into a valid lease agreement and the grievance of the appellant is that the respondents failed to discharge their contractual obligations. In the complaint, there is no allegation that there was fraud or dishonest inducement on the part of the respondents and thereby the respondents parted with the property. It is trite law and common sense that an honest man entering into a contract is deemed to represent that he has the present intention of carrying it out but if, having accepted the pecuniary advantage involved in the transaction, he fails to pay his debt, he does not necessarily evade the debt by deception.

ઉપરોક્ત ચુકાદામાં કરેલ અવલોકન મુજબ, માત્ર કરારનો ભંગએ છેતરપિંડી નો ગુનો બનતો નથી, જ્યાં સુધી વ્યવહારની શરૂઆતથી જ આરોપીનો ઈરાદો દાનતખોરી અથવા ઠગાઈ કરવાનો ન હોય. હાલના કેસમાં, ફરિયાદી અને તપાસ કરનાર અમલદારો ના પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે, ફરિયાદી અને આરોપી નં. ૧ વચ્ચે અગાઉ પણ દલાલી મારફતે માલ ખરીદવાના વ્યાપારી સંબંધો હતા.બચાવ પક્ષ તરફથી રજૂ થયેલા દસ્તાવેજો દર્શાવે છે કે ફરિયાદીએ જ્યારે બેંક ખાતામાં રકમ જમા કરાવી, તે જ દિવસે એટલે કે તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ કરણ એસોસીએટ્સ દ્વારા પદ્માવતી સેલ્સ એજન્સીના નામે જી.એસ.ટી. ઈન્વોઇસ અને ઈ-વે બિલ જનરેટ કરવામાં આવ્યું હતું અને ટ્રક નંબર જીજે૦૪ એડબ્લ્યુ ૯૩૨૬ મારફતે માલ રવાના કરવાની પ્રક્રિયા થયેલી. આ હકીકત દર્શાવે છે કે આરોપીઓનો ઈરાદો શરૂઆતથી જ પૈસા પડાવી લઈને માલ ન મોકલવાનો કે છેતરપિંડી કરવાનો ન હતો. વધુમાં, ફરિયાદ તેઓની ઉલટતપાસ જણાવે છે કે, આરોપી નં. ૨ એ એવું જણાવેલ કે તેઓએ આરોપી નં. ૧ ના બાકી લેણાં સામે આ રકમ મજરે લીધી છે. જે દર્શાવે છે કે બે વેપારીઓ અને દલાલ વચ્ચેના નાણાકીય હિસાબ કિતાબ અને પેમેન્ટ એડજસ્ટમેન્ટની સિવિલ તકરાર છે.આમ, સદર વ્યવહાર સંપૂર્ણપણે દીવાની અને વ્યાપારી પ્રકારનો છે તેમ ફલિત થાય છે.

(૯.૩) આમ, જ્યારે બે વેપારીઓ વચ્ચે માલની ખરીદ-વેચાણનો વ્યવહાર હોય અને માત્ર માલ ન પહોંચવા કે હિસાબની ચૂકવણીના પ્રશ્નો ઉભા થાય, ત્યારે જ્યાં સુધી છેતરવાનો ઈરાદો નિઃશંકપણે સાબિત ન થાય, તેને ગુનાહિત કૃત્ય ગણી શકાય નહીં.આમ, આરોપીઓનો ગુનાહિત ઈરાદો શરૂઆતથી જ હતો તે હકીકત શંકાથી પર પુરવાર થતી નથી. જેથી મુદ્દા નં. ૦૧ પરત્વેનો અત્રેની અદાલતનો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૦૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

(૯.૪) સદર કામે સમગ્ર કેસમાં કરેલી તપાસ તથા પુરાવાનું કરેલ મૂલ્યાંકન લક્ષમાં લેતા, આખરી હુકમ કરતા પહેલા, એ હકીકત નોંધવી તેમજ ધ્યાને લેવી અત્યંત જરૂરી જણાય આવે છે કે, તપાસ કરનાર અમલદારો દ્વારા આ કેસમાં અત્યંત બેદરકારીભરી, ખામીયુક્ત અને શંકાસ્પદ તપાસ કરવામાં આવેલ છે. આ કેસની મોટાભાગની તપાસ પી.એસ.આઈ.શ્રી નકુલ જગદીશભાઈ પંચાલ દ્વારા કરવામાં આવી છે.જયારે પી.એસ.આઈ.શ્રી પંચાલ રજા પર હતા તે દરમિયાન, ટૂંકા સમય માટે પી.એસ.આઈ.શ્રી એ.આર.બારીઆએ ચાર્જ સંભાળીને એકાદ બે નિવેદનો નોંધ્યા હતા અને ત્યારબાદ કોર્ટમાં ચાર્જશીટ પણ પી.એસ.આઈ.શ્રી પંચાલ દ્વારા જ રજૂ કરેલ. આમ, આ ગુનાની તપાસ એક કરતા વધુ તપાસ કરનાર અમલદારો દ્વારા કરવાથી તપાસ યોગ્ય થયેલ નથી તેવી હકીકત પણ જણાય આવતી નથી

આ કામે સૌ પ્રથમ તપાસ અધિકારીએ ચાર્જશીટમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૯ નો ગેરકાયદેસર રીતે ઉમેરો કરેલ છે. કાયદાકીય રીતે કલમ-૪૦૯ એ જાહેર સેવક, બેન્કર, વેપારીના એજન્ટ કે આડતીયા દ્વારા કરવામાં આવતા ગુનાહિત વિશ્વાસઘાત માટે લાગુ પડે છે. હાલના કેસમાં પક્ષકારો વચ્ચેનો સંબંધ સ્પષ્ટપણે 'ખરીદનાર' અને 'વેચનાર'નો છે અને આ એક શુદ્ધ વ્યાપારી વ્યવહાર છે. આમ છતાં, તપાસ અધિકારીએ કાયદાની પ્રાથમિક સમજ વાપર્યા વિના કે કોઈ પણ કાનૂની આધાર વગર, માત્ર કેસને બિનજરૂરી ગંભીર સ્વરૂપ આપવા યાંત્રિક રીતે કલમ-૪૦૯ નો ઉમેરો કર્યો છે, જે તપાસ

અધિકારીની કાયદાકીય અજ્ઞાનતા અથવા કોઈ બદઈરાદો છતો કરે છે. વધુમાં, આ વ્યવહાર વ્યાપારી પ્રકારનો હોવાથી આર્થિક ગુનાની તપાસમાં જે ઝીણવટ હોવી જોઈએ, તેનો અત્રે સંપૂર્ણ અભાવ છે. બચાવ પક્ષ દ્વારા રજૂ થયેલા ઈ-વે બિલ અને જી.એસ.ટી. ના દસ્તાવેજોમાં ટ્રક નંબર જીજે૦૪ એડબ્લ્યુ ૯૩૨૬ અને ટ્રાન્સપોર્ટરનો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં, તપાસ અધિકારીએ ટ્રાન્સપોર્ટર કે ટ્રક ડ્રાઈવરનું નિવેદન લેવાની કે માલ ખરેખર ક્યાં અનલોડ થયો તેની ખરાઈ કરવાની કોઈ જ તસ્દી લીધી નથી. બન્ને વેપારીઓના જી.એસ.ટી. રિટર્ન કે ઈનપુટ ક્રેડિટના ચોપડા કબ્જે કરેલ નથી. તેવી જ રીતે બનાવ તા. ૨૯/૦૭/૨૦૧૯ નો હોવા છતાં ફરિયાદ ૧૭ મહિના જેટલા અસાધારણ વિલંબ બાદ તા. ૦૨/૧૨/૨૦૨૦ ના રોજ નોંધાઈ છે, જે અંગે પણ તપાસ અધિકારીએ કોઈ સંતોષકારક ખુલાસો કે તપાસ કરેલ નથી.

આમ, તપાસ અધિકારીઓની આવી ગંભીર નિષ્ક્રિયતા, કલમોનો ખોટો ઉપયોગ અને પાયાના પુરાવાઓ એકત્રિત કરવાની ઈરાદાપૂર્વકની ચૂક જોતાં, અદાલત એવા સ્પષ્ટ તારણ પર આવે છે કે આ કેસની તપાસ સત્ય બહાર લાવવાના ઉદ્દેશ્યથી નહીં, પરંતુ કોઈ અગમ્ય કારણોસર કે કોઈ અજ્ઞાત હેતુથી પ્રેરાઈને કરવામાં આવી હોય તેવું નિઃશંકપણે જણાઈ આવે છે. તપાસ કરનાર અમલદારનું આવું વર્તન ફોજદારી ન્યાયિક પ્રક્રિયાને દૂષિત કરનારું અને શંકાના ઘેરામાં મૂકનારું છે. આથી, ભવિષ્યમાં તપાસ કરનાર અધિકારીઓ દ્વારા કાયદાની કલમોના આડેધડ ઉપયોગ અને આવી ગંભીર બેદરકારીનું પુનરાવર્તન ન થાય તથા ન્યાયિક પ્રક્રિયાની પવિત્રતા જળવાઈ રહે, તે હેતુથી આ ચુકાદાની એક નકલ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, દાહોદ નાઓની જાણ અને કસૂરવાર તપાસ અધિકારીઓ વિરુદ્ધ જરૂરી ખાતાકીય કાર્યવાહી અર્થે મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

♦ હુકમ ♦

(૧) આ કામના આરોપી **(૧) શૈલેષભાઇ કાળીદાસ જોશી (વેદાણી)**, રહે. ૭૬ ગૌતમ ટાઉનશીપ સ્વામીનારાયણ ગુરૂકુલ, શર્મા પાર્ક–૫ સીંહોર, તા. સીંહોર, જિ.

ભાવનગર., તથા આરોપી **(૨) આશિષભાઇ ભરતભાઇ ત્રિવેદી,** રહે. ૧૭૧ હુડકો રામેશ્વર મંદિર સામે આનંદનગર, તા. જિ. ભાવનગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦,૧૧૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) આરોપીએ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા તથા આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ ચુકાદાની એક નકલ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, દાહોદ નાઓને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) વધુમાં, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, દાહોદ નાઓને આદેશ કરવામાં આવે છે કે તેઓ આ કામના કસૂરવાર જે તે તપાસ અધિકારી વિરુદ્ધ સઘન તપાસ કરાવી, યોગ્ય અને કડક ખાતાકીય પગલાં લઇ, તે અંગેનો Action Taken Report ચુકાદાની નકલ રિસીવ થયાના દિન–૩૦ માં અત્રેની અદાલત સમક્ષ રજૂ કરી વાકેફ કરે.

હુકમ આજરોજ તારીખ ૦૨જી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
SHETUL RANCHHODBHAI VAKIL
at Ta. Devgadh Baria Dist. Dahod
on 08/07/2026 16:38:59 IST.

સ્થળ : દેવગઢ બારીઆ.
તારીખ: ૦૨/૦૭/૨૦૨૬

(સેતુલ રણછોડભાઇ વકીલ)
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
દેવગઢ બારીઆ
યુ.આઈ.ડી નં. જી.જે. ૦૧૫૩૭